જૂન ૨૦૧૦ દાદા ભગવાન પરિવારનું કિંમત રૂ. ૧૨/-

અક્રમ એક્સપ્રેસ

સરખામણીમાંથી ઈર્ષા

અક્રમ એક્સપ્રેસ

સરખામણીમાંથી ઈર્ષા

બાળમિત્રો,

ઈર્ષાનો અનુભવ કોને નહીં હોય ? આપણા કરતા બીજાને કંઈક સારું મળ્યું કે વધુ મળ્યું કે તરત આપણને એની ઈર્ષા થાય, પછી એ આપણા ભાઈ-બહેન હોય કે આપણો સારામાં સારો મિત્ર હોય. આપણે એના પ્રત્યે મોટું મન રાખી શકતા નથી. ઘણી વાર ઈર્ષાનું જોર એટલું વધી જાય છે કે આપણે એને નીચો દેખાડવાના પ્રયત્નો સુધી પહોંચી જઈએ છીએ. એક વાર ઈર્ષામાં સપડાયા પછી આપણને હિતાહિતનું ભાન રહેતું નથી. કોઈ આપણા ભલા માટે કહે તો પણ આપણે એ નકારી દઈએ છીએ. આમ, ઈર્ષા આપણી જ પ્રગતિને રોકે છે.

ઈર્ષા કેવી રીતે ઊભી થઈ જાય છે ? એના શું પરિણામો આવે છે ? એમાંથી બચવું કઈ રીતે ? આના સુંદર ફોડ પરમ પૂજ્ય દાદાશ્રીએ આ અંકમાં આપ્યા છે.

તો ચાલો, સમજીએ ઈર્ષાના સ્વરૂપને અને બચીએ એની બળતરામાંથી.

- ડિમ્પલ મહેતા

અનુક્રમણિકા

જ્ઞાનીઓ કહે છે...૧
ઈર્ષાની અગ્નિ... ૨
આ તો નવી જ વાત !................................... ૬
કાચબો અને સસલું..................................... ૮
મીઠી યાદેં..૧૨
ઐતિહાસિક ગૌરવગાથાઓ...........................૧૩
કાર્ડસ્પર્ધાનું પરિણામ.................................૧૬

તંત્રી તથા સંપાદક :
ડિમ્પલ મહેતા
વર્ષ : ૨, અંક : ૧૦
સળંગ અંક : ૨૨
જૂન ૨૦૧૦

સંપર્ક સૂત્ર :
બાળવિજ્ઞાન વિભાગ
ત્રિમંદિર સંકુલ, સીમંધર સીટી,
અમદાવાદ-કલોલ હાઈવે,
મુ.પો. - અડાલજ,
જી.ગાંધીનગર-૩૮૨૪૨૧,ગુજરાત.
ફોન : (૦૭૯) ૩૯૮૩૦૧૦૦
email:akramexpress@dadabhagwan.org

અમદાવાદ:
(૦૭૯)૨૭૫૪૦૪૦૮,૨૭૫૪૩૯૭૯
રાજકોટ ત્રિમંદિર : ૯૨૭૪૧૧૧૩૯૩
વડોદરા : (૦૨૬૫) ૨૪૧૪૧૪૨
મુંબઈ : ૯૩૨૩૫૨૮૯૦૧-૦૩
U.S.A.: ૭૮૫-૨૭૧-૦૮૬૯
U.K.: ૦૭૯૫૬૪૭૬૨૫૩
Website: kids.dadabhagwan.org

Publisher,Editor & Printed,
Published from
Dimple Mehta on behalf of
Mahavideh Foundation
5, Mamtapark Society,
Bh. Navgujarat College,
Usmanpura, Ahmedabad-14.

Print at:-
Amba Offset
Basement, Parshvanath
Chambers, Nr.RBI,
Usmanpura, Ahmedabad-14.

લવાજમ (ગુજરાતી)
વાર્ષિક સભ્ય
ભારત : ૧૦૦ રૂપિયા
યુ.એસ.એ. : ૧૫ ડોલર
યુ.કે. : ૧૦ પાઉન્ડ
પાંચ વર્ષ
ભારત : ૪૫૦ રૂપિયા
યુ.એસ.એ. : ૬૦ ડોલર
યુ.કે. : ૪૦ પાઉન્ડ
D.D. / M.O. 'મહાવિદેહ ફાઉન્ડેશન'ના નામે મોકલવો.

જ્ઞાનીઓ કહે છે...

પ્રશ્નકર્તા : મને હંમેશાં બીજાની સાથે સરખામણી (કમ્પેરિઝન) થયા કરે છે કે મને ઓછું મળે છે ને એને વધારે મળે છે.

દાદાશ્રી : સરખામણી કરવાથી શું થાય છે ? શાંતિ રહે છે કે અશાંતિ વધે છે ?

પ્રશ્નકર્તા : અશાંતિ વધે છે.

દાદાશ્રી : આપણે અશાંતિ વધે નહીં ને એવો રસ્તો કરવો. આ સરખામણીમાંથી જ પછી ઈર્ષા થાય. બીજાનું સારું ના ખમાય એટલે આ ઈર્ષા ઊભી થાય. પછી દ્વેષ થાય કે એને ઓછું મળે ને મને વધારે મળે. એવું તો થાયને ?

પ્રશ્નકર્તા : હા, એવું થાય.

દાદાશ્રી : ઈર્ષા એ તો વહોરી લીધેલું દુઃખ છે, સાચું દુઃખ નથી. આપણે તો શું હોવું જોઈએ કે સહુને મળો. ક્યારેક મારો વારો આવશે ત્યારે મને પણ મળશે. એને વધારે મળે ત્યારે એને આનંદ થાય, એ જોઈને આપણે ખુશ થવું. આપણે ભાવ બગાડવા નહીં. સમજાય છેને?

પ્રશ્નકર્તા : હા.

◈◈◈

પૂજ્યશ્રી : સરખામણી કરીને શું ફાયદો ? આપણે નિરાંતે કહેવાનું કે બધા સુખી થાવ. ઈર્ષા કરવાથી આપણી શક્તિ ડાઉન થતી જાય. નેગેટિવ ભાવ કરવા જેવો નથી. અવળા ભાવ આવે એના પ્રતિક્રમણો કરીએ કે મને લોકોના નેગેટિવ દેખાય છે 'હે દાદા ભગવાન માફી માંગું છું. મને ક્ષમા કરો. મારે કોઈના નેગેટિવ નથી જોવા. મારે પોઝિટિવ જોવું છે, એવી મને શક્તિ આપો.' નક્કી જ કર કે મારે બધાના પોઝિટિવમાં રહેવું છે. આ જગત પડઘા જેવું છે. આપણે કહીએ કે 'તને ન મળો' તો પડઘો કહેશે, 'તને ન મળો' તે પછી આપણનેય ન મળે અને આપણે કહીએ કે 'બધાને મળો' તો પડઘો કહેશે, 'બધાને મળો.' હવે બધાને મળો એમાં આપણને તો મળવાનું જ છે.

પ્રશ્નકર્તા : અને કોઈને આપણી માટે ઈર્ષા થતી હોય તો શું કરવાનું?

પૂજ્યશ્રી : આપણે એની અંદર રહેલા ભગવાનને પ્રાર્થના કર્યા કરવાની કે "હે ભગવાન! મારા નિમિત્તે એને ઈર્ષા થાય છે, તો એની કોઈ ઈર્ષામાં મારે રાગ-દ્વેષ કરવા નથી. મને સમતા રહે એવી શક્તિ આપો." આપણા તરફથી પોઝિટિવ ભાવના કરવાની. તો વખત આવ્યે ધીમે ધીમે એમનું પણ છૂટી જશે.

અને સાથે સાથે એવી પ્રાર્થના કરવાની કે 'હે દાદા ભગવાન, બધાને ખૂબ શક્તિ મળે. બધા મહેનત કરે અને ખૂબ આગળ વધે.' જેથી સામા માટેના નેગેટિવ ભાવ તૂટી જાય.



ઈર્ષાની અગ્નિ

“બીજું શું આપું આન્ટી, ચોકલેટ લેશો?” પુનિતે સ્કૂલના વાર્ષિક મેળામાં પોતાના સ્ટોલ પર આવેલા બહેનને પૂછ્યું. એમણે જવાબ આપ્યો, “ના, મેં હમણા જ વીસ પેકેટ ધ્યેય શાહના સ્ટોલ પરથી ખરીધ્યા. ત્યાં ઘણી વેરાયટી હતી.”

“હા, હા, વાંધો નહીં,” પુનિત લુખ્ખું હસતા બોલ્યો.

પુનિત અને ધ્યેય બન્ને બાળમંદિરથી સાથે જ ભણતા હતા. ધ્યેય હંમેશા પુનિત કરતાં બધામાં જ આગળ રહેતો. ભણવાનું હોય, રમતગમત હોય કે ઈત્તર પ્રવૃત્તિઓ હોય, ધ્યેય બધામાં જ ઈનામ જીતતો. આ કારણે ધ્યેય આખી સ્કૂલમાં પ્રખ્યાત હતો. સ્કૂલના દરેક કાર્યક્રમમાં એની પસંદગી અચૂક થતી. પુનિત દર વખતે ધ્યેયથી આગળ વધવા પ્રયત્ન કરતો પણ એ સફળ ન થતો.

એક દિવસ પુનિત ખૂબ ઉદાસ ચહેરે ઘરે આવ્યો. સ્કૂલ બેગ મૂકી એ કપડા બદલવા કબાટ પાસે ગયો. ત્યાં તો એની નજર અરીસા પર પડી. “મારું મોઢું કેટલું રોતલ દેખાય છે!” મોઢું બગાડતા એ અરીસાની સામે જોઈ રહ્યો.

ત્યાં તો અરીસાએ જવાબ આપ્યો, “હું તો અરીસો છું. તમારું જેવું હોય એવું જ દેખાડું. પણ દોસ્ત, કહે તો ખરો, આજે તું કેમ આટલો દુ:ખી દેખાય છે?”

અરીસાને જવાબ આપતો જોઈ પુનિત ચમક્યો. એ અકળાતા બોલ્યો, “ધ્યેયના કારણે. આ વખતે પણ એને પરીક્ષામાં મારા કરતા વધારે માર્કસ આવ્યા. હું ગમ્મે એટલી

મહેનત કરું છતાં એ મારા કરતા આગળ જ હોય. ખબર નહીં હું ક્યાં અટકું છું?''

અરીસાએ હસતા હસતા કહ્યું, ''ઓહ ! તો એમ વાત છે. તને ધ્યેયની ઈર્ષા થઈ રહી છે.''

પુનિતે કહ્યું, ''ઈર્ષા ? ના, ના. એમ તો ધ્યેય મારો મિત્ર છે. હું શું કામ એની ઈર્ષા કરું ?''

અરીસાએ કહ્યું, ''તને કહ્યુંને, હું તો અરીસો છું. તમારું જેવું હોય એવું જ દેખાડું.''

પુનિતે કહ્યું, ''હું કઈ રીતે માનું કે મને ધ્યેયની ઈર્ષા થાય છે?''

અરીસાએ કહ્યું, ''હમણાં જ સાબિત કરી આપું. હું કહું એ ધ્યાનથી સાંભળજે પછી કહેજે કે આ વાત સાચી છે કે ખોટી.

- ધ્યેય તારા કરતા આગળ આવે તો તને ન ગમે.

- બધે એની 'વાહ વાહ' થાય એ તારાથી સહન ન થાય.

- એનું નુકસાન થાય, એ પાછો પડે તો તને આનંદ થાય. તું એવું ઈચ્છેય ખરો.

- એ જેટલું કરે એ બધું જ તારે પણ કરવું જ હોય.

- તને એના અવગુણો દેખાયા કરે. તને એના માટે અણગમો રહ્યા કરે.

- તને એના માટેની નેગેટિવ વાતો બીજાને કહેવાનું મન થાય.

- અગ્નિની જેમ તું આખો દિવસ બળ્યા કરે છે.

બોલ, આવું બધું તને થાય છે ને ?

“ ત્યાં તો અરીસાએ જવાબ આપ્યો, ''હું તો અરીસો છું. તમારું જેવું હોય એવું જ દેખાડું. પણ દોસ્ત, કહે તો ખરો, આજે તું કેમ આટલો દુઃખી દેખાય છે ?'' ”

પુનિત તો સાંભળીને સ્તબ્ધ જ થઈ ગયો. અરીસાની એક-એક વાત સાચી હતી. એણે અરીસાને પૂછ્યું, ''અરે ! તને કેવી રીતે આ બધી ખબર પડી ગઈ ?'' અરીસાએ જવાબ આપ્યો, ''કહ્યુંને, હું તો અરીસો છું. તમારું જેવું હોય એવું જ દેખાડું.''

આ સાંભળી પુનિતનો ચહેરો પકડાયેલા ચોર જેવો થઈ ગયો. આ જોઈ અરીસાએ કહ્યું. ''આ તારું રોતલ મોઢું, તારી અકળામણ, ઈર્ષાના કારણે જ છે. મારી પાસે ઈર્ષામાંથી નીકળવાનો એક સરસ ઉપાય



છે.'' પુનિતના મોઢા પર આશ્ચર્યચિન્હ હતું. એણે પૂછ્યું, ''શું છે ? મને કહેને.''

અરીસાએ કહ્યું, ''સામાના ગુણોની હૃદયથી પ્રશંસા કરવાથી એનામાં રહેલા ગુણો આપણામાં પ્રગટ થતા જાય છે. આપણી શક્તિ વધતી જાય છે અને જ્યારે આપણે બીજાના ગુણોને દિલથી સ્વીકારીએ ત્યારે આપણામાં એના માટે ઈર્ષા જેવી કોઈ વસ્તુ રહેતી જ નથી. માટે તું પણ ધ્યેયમાં રહેલા ગુણોની હૃદયથી પ્રશંસા કર.''

પુનિતે ફરી મોઢું બગાડતાં કહ્યું, ''ગુણો અને ધ્યેયમાં ? અરે, હું દૂરબીનથી શોધુંને તો પણ મને એનામાં એક પણ ગુણ દેખાતો નથી.''

અરીસાએ ઉલટ તપાસ લેતાં પૂછ્યું, ''દેખાતો નથી કે તારે જોવો નથી ?''

પુનિત ચૂપ થઈ નીચું જોઈ ગયો.

અરીસાએ પૂછ્યું, ''ચાલ કહે, તું પરીક્ષાની તૈયારી ક્યારથી શરૂ કરે છે ?''

પુનિતે વિચારીને જવાબ આપ્યો, ''અઠવાડિયા પહેલાથી.'' અરીસાએ પૂછ્યું, ''અને ધ્યેય ?''

પુનિતે જવાબ આપ્યો, ''એ તો નિયમિત ભણે છે. એક વાર એના પપ્પા મને કહેતા હતા કે ધ્યેય હંમેશા એના ટાઈમટેબલ પ્રમાણે જ કરે. એણે એના ટાઈમટેબલમાં કેટલો ટાઈમ ટી.વી. જોવું, કેટલો ટાઈમ રમવું, કેટલો ટાઈમ મિત્રો સાથે ગપ્પા મારવા એ નક્કી કરી રાખ્યું છે અને એ પ્રમાણે જ એ અનુસરે છે.''

અરીસાએ પુનિતને સમજાવતા કહ્યું, ''તો આ એનો સમયનો સદ્દુપયોગ કરવાનો ગુણ કહેવાય. પછી તે એને ટેનિસની પ્રેક્ટિસ કરતા જોયો છે ?''

પુનિતે કહ્યું, ''હા, સ્કૂલમાં અમે બધા ગપ્પા મારતાં હોઈએ કે રમત કરતા હોઈએ ત્યારે પણ એ તો ટેનિસની પ્રેક્ટિસ જ કરતો હોય.''

અરીસાએ કહ્યું, ''આના પરથી એ મહેનતુ અને સિન્સિયર છે એ સાબિત થાય છે.''

પુનિતે 'હા' કહી માથું ધુણાવ્યું.

અરીસાએ કહ્યું, ''તો ઈર્ષા કરવાને બદલે તું એના આ બધા ગુણોની પ્રશંસા કરીશ તો તારામાં પણ આ બધા ગુણો કેળવાતા જશે.''

આ સાંભળી પુનિતને જાણે પ્રેરણા મળી. બીજે દિવસે ગણિતના ક્લાસમાં શિક્ષકે એક અઘરો દાખલો ગણવા આપ્યો. ધ્યેય સિવાય કોઈ જવાબ ન શોધી શક્યું. પુનિતને પહેલા તો ઈર્ષા થઈ, પણ તરત એને અરીસો યાદ આવ્યો. એણે તરત ધ્યેયની હોશિયારીને મનોમન વખાણી.

આમ ધીમે ધીમે પુનિત ધ્યેયની નિયમિતતા,

સિન્સિયારિટી, મહેનતુ, એકાગ્રતા વગેરે ગુણોને જોતો ગયો અને એના પર ખુશ થતો ગયો. જોતજોતામાં એ પણ ધ્યેય જેવો મહેનતુ અને સિન્સિયર બનતો ગયો.

આજે પુનિતની પરીક્ષાનું રિઝલ્ટ આવ્યું હતું. એ ખૂબ ખુશ દેખાતો હતો. એ સીધો જઈને અરીસા સામે ઊભો રહ્યો. અરીસાએ પૂછ્યું, “શું વાત છે, આજ તો તું બહુ ખુશ દેખાય છે.” પુનિતે કહ્યું, “તને કેવી રીતે ખબર ?”

અરીસાએ કહ્યું, “તું ભૂલી ગયો ? હું તો અરીસો છું. તમારું જેવું હોય એવું જ દેખાડું.”

પુનિતે કહ્યું, “ હા, આજે મારું રિઝલ્ટ હતું. ધ્યેયનો પહેલો નંબર આવ્યો અને મારો બીજો. મને વિજ્ઞાનમાં બધા કરતાં વધારે માર્કસ આવ્યા છે. પણ મજાની વાત તો એ છે કે મને ધ્યેય માટે ઈર્ષા નથી થતી. ઊલટું, હું એની પ્રગતિથી ખુશ છું અને સાથે સાથે મારી પ્રગતિથી પણ ખુશ છું.”

અરીસાએ સામે ખુશી વ્યક્ત કરતાં કહ્યું, “મને પણ આ સાંભળીને ખૂબ ખુશી થઈ.”

પુનિતે કહ્યું, “અને જેમ જેમ હું ધ્યેયનું રિઝલ્ટ બધાને કહું છું તેમ તેમ હું વધારે હળવાશ અનુભવતો જઉં છું.”

અરીસાએ કહ્યું, “એનું કારણ ખબર છે તને?”

પુનિતે પૂછ્યું, “શું?”

અરીસાએ કહ્યું, “જેના માટે આપણને નેગેટિવ હોય, એનું પોઝિટિવ બોલવાથી આપણા મનમાંથી એના માટેના નેગેટિવ ભાવો ભૂંસાતા જાય છે. તેથી તને હળવું લાગે છે.”

પુનિતે કહ્યું, “ઓહ ! તારો ખૂબ ખૂબ આભાર. તે મને ઈર્ષામાંથી બહાર નીકળવાનો ઉત્તમ ઉપાય બતાવ્યો છે. ઈર્ષા કરવાથી મારી બધી શક્તિઓ તૂટી જતી હતી. હવે હું એ શક્તિને પ્રગતિના માર્ગે વાળી શકું છું.”

અરીસાએ કહ્યું, “બહુ સરસ. હવે આડો અવળો ના થઈશ, નહીં તો હું તને તરત પકડી પાડીશ. યાદ છે ને?”

પુનિતે કહ્યું, “હા, હા, કે તું અરીસો છે. અમારું જેવું હોય એવું જ દેખાડે.”

અને બન્ને ખડખડાટ હસી પડ્યા.

આ તો નવી જ વાત !

સરખામણીમાંથી ઈર્ષા ઊભી થાય. ઈર્ષા થવાથી આપણું ધ્યાન કામમાં રહેવાની બદલે સામા પર જ રહ્યા કરે. જેથી આપણી શક્તિ તૂટતી જાય. દા.ત. પીંકી દોડવાની હરિફાઈ માટે વધારે પ્રેક્ટિસ કરે છે. એ જીતી જશે તો મારું કેટલું ખરાબ દેખાશે, હું કેટલી નીચી પડી જઈશ, એવું ઊભું થયા કરે. પરિણામે મહેનત કરવામાં ચીંકીની એકાગ્ર શક્તિ તૂટી ગઈ.

...પછી સ્પર્ધાય ઊભી થઈ જાય. દા.ત. પીંકી પાતળી છે માટે મારા કરતાં ઝડપથી દોડી શકે છે તો હું પણ પાતળી થઉં. આમ વિચારી ચીંકી પાતળા થવાના પ્રયત્નમાં પડી જાય.





ધીમે ધીમે દ્વેષ ઊભો થઈ જાય અને સામા માટે નેગેટિવ ભાવો શરૂ થઈ જાય. દા.ત. ચીંકીને પીંકી જેટલી ઝડપ લાવતા બહુ મહેનત પડે અને થાકે ત્યારે એ પીંકી માટે નેગેટિવ વિચારવા લાગે કે પીંકીને મેલેરિયા થઈ જાય તો સારું. નબળાઈ આવી જાય તો એ ઝડપથી દોડી ન શકે અને હું પહેલી આવું.

સામાના ગુણોને હૃદયથી સ્વીકારવાથી ઈર્ષા ઓગળે છે અને એ ગુણો આપણામાં પણ પ્રગટ થતા જાય છે. દા.ત. એનામાં ઝડપથી દોડવાની કેવી સરસ શક્તિ છે! એનામાં તાકાત પણ બહુ છે જેથી એ થાકતી નથી.

કાચબા અને સસલાની વાર્તા તો સૌને ખબર જ હશે. બન્નેએ દોડવાની હરિફાઈ લગાડી. સસલાને એમ કે કાચબો તો કેટલું ધીમું ભાગે છે. એને મારા સુધી પહોંચતા બહુ વાર લાગશે. ત્યાં સુધી હું થોડો આરામ કરી લઉં. આરામ કરવામાં એને ગાઢ ઊંઘ આવી ગઈ અને ધીમે-ધીમે કરતો કાચબો સસલાની આગળ નીકળી ગયો અને હરિફાઈ જીતી ગયો. હવે આગળ જોઈએ શું થાય છે?



સસલાથી આ સહન ન થયું. એણે, પોતે દોડવામાં કાચબા કરતાં વધારે ઝડપી છે પુરવાર કરવા બીજી વાર હરિફાઈ લગાડી. આ વખતે એ વચ્ચે ક્યાંય આરામ કરવા ન રોકાયો અને એ હરિફાઈ જીતી ગયો.



હવે કાચબાને સસલાની ઈર્ષા થવા લાગી. એણે વિચાર્યું, ''હું સસલાને કેવી રીતે હરાવું ?'' વિચારતા એને એક ઉપાય જડી આવ્યો. એણે સસલાને કહ્યું, ''આપણે ફરી હરિફાઈ કરવી છે ?'' સસલાએ 'હા' કહી. કાચબાએ કહ્યું, ''પણ આ વખતે રસ્તો બીજો લઈશું.'' સસલાએ આ માન્ય રાખ્યું અને હરિફાઈ શરૂ થઈ. સસલો કાચબા કરતાં ઘણો આગળ નીકળી ગયો. દોડતાં દોડતાં એ નદી કિનારે આવી પહોંચ્યો. જ્યાં એ અટકી ગયો. નદીની પેલે પાર હરિફાઈ પૂરી થતી હતી. સસલો વિચારવા લાગ્યો, ''હવે શું કરું ? ત્યાં સુધીમાં કાચબો નદીમાં તરીને પેલે પાર પહોંચી ગયો અને એ જીતી ગયો.





એમણે હરિફાઈ શરૂ કરી. જમીન પર દોડવાનું હતું ત્યાં સુધી સસલાએ કાચબાને પીઠ પર લઈ લીધો અને ઝડપથી નદી સુધી પહોંચી ગયો.

નદી આવી ત્યારે કાચબાએ સસલાને પીઠ પર લઈ લીધો અને ઝડપથી નદી પાર કરી દીધી.



આમ બન્ને અત્યાર સુધીની બધી હરિફાઈ કરતાં ઝડપથી અને સરળતાથી લક્ષ સુધી પહોંચી ગયા. બન્નેને ખૂબ સંતોષ હતો.

ત્યારથી બન્ને સારા મિત્રો બની ગયા.

જોયું મિત્રો, સામા માટે ઈર્ષા કરીને, સ્પર્ધામાં ઉતરવું, એના કરતાં બન્નેની શક્તિને ભેગી કરીને આગળ વધવાથી પરિણામ વધુ સારું આવે છે.



મીઠી યાદેં

૨૦૦૦ની સાલનો એક પ્રસંગ છે. એક ભાઈ અતિ ભાવુક થતા થતા નીરુમા પાસે આવ્યા અને કહે છે, ‘‘નીરુમા, ટી.વી.નું એટલું બધું કામ વધી રહ્યું છે, એટલી બધી ચેનલવાળા પ્રોગ્રામ માગે છે. ઘણી બધી ચેનલો છે. બધે ઠેકાણે દાદાનું વિજ્ઞાન પહોંચે એવું છે પણ નીરુમા હું એકલો પડી જાઉં છું. કોઈ જ મારી મદદમાં નથી આવતું. અને જે મદદમાં છે એ બધા એટલા ધીમા છે કે કામમાં પહોંચી નથી વળતા. મને એમ લાગે કે કેમનો પહોંચી વળીશ ? એટલું બધું મને ટેન્શન થાય છે કે આટલું બધું કામ કરવાનું બાકી છે, આ રેકોર્ડીંગ બાકી છે, આ શૂટીંગ બાકી છે, આ એડીટીંગ બાકી છે, આનું ફાઈનલ એડીટીંગ કરવાનું છે, ચેનલવાળાને એપીસોડ મોકલાવવાના છે બધા અને આ છોકરાઓ બધા પહોંચી નથી વળતા. ક્યારે બધા કામ પૂરા થશે ? મને લાગે છે કે હું એકલો જ છું બધું કરવા માટે. પ્લીઝ નીરુમા, મને કાંઈ ખબર જ નથી પડતી કે શું કરું હું હવે!’’

નીરુમા બધું શાંતિથી સાંભળતા હતા. પછી એ ભાઈની સામે જોઈને મીઠું હસ્યા અને બોલ્યા, ‘‘અરે, તું કેમ એવું બોલે છે કે હું એકલો જ છું. કેમ તું એકલો પડી જાય છે ? હું નથી તારી જોડે ? હું કંઈ તને મદદમાં નથી આવતી ? આ જોને, તું મને કહે છે ત્યારે હું ઊભી થઈ જાઉં છું, સત્સંગનું શૂટીંગ કરું છું, તું જેમ કહે છે એમ બધું હું બોલું છું, આટલું બધું તને રેકોર્ડીંગ કરી આપું છું. તું જે ટોપીક ઉપર કહે એ બોલું છું. રોજના પાંચ-પાંચ, છ-છ, સાત-સાત કલાક સુધી રેકોર્ડીંગમાં તને મદદ નથી કરતી ? તો તું એવું કેમ બોલે છે કે તું એકલો છે. હું કાયમ તારી સાથે છું, નથી ?’’

આ સાંભળી એ ભાઈને તરત ખ્યાલ આવ્યો કે, હા, આવું તો કેવી રીતે ભૂલી જવાય ! એમણે નીરુમાને કહ્યું, ‘‘હા, નીરુમા આ બધા પોઈન્ટ તો હું ભૂલી જ ગયો. તમે છો જ મારી સાથે. મારે તો ખાલી એડીટીંગ કરવાનું છે. આ તો ભૂલ થઈ ગઈ.’’

એ દિવસથી એ ભાઈને એટલો બધો આનંદ રહેવા લાગ્યો કે આખો બોજો જ જતો રહ્યો કામ કરવાનો. અને ત્યારથી એમને એવું જ લાગ્યા કરે કે નીરુમા કાયમ મારી સાથે છે જ. નીરુમાએ એમને બીજું પણ સમજાવતા કહ્યું, ‘‘અને જો ને, આ ભાઈ નથી તારી સાથે કામ કરવામાં ? આખી રાત જાગી જાગીને કામ કરે છે. તું બોલે કે હું એકલો જ છું તો એને કેટલું દુઃખ થાય ! એટલે તું એકલો છે એ કાઢી નાખ અને એ જો કે કેટલા બધા સંજોગો છે આમાં. મોટામાં મોટો સંજોગ નીરુમાનો નથી?’’

એ ભાઈએ કહ્યું, ‘‘હા નીરુમા, તમારો સંજોગ તો સૌથી મોટામાં મોટો. તમારા વગર તો કંઈ થાય એવું જ નથી. હું કંઈ થોડો ટી.વી.માં બોલવાનો છું.’’ અને એમને એટલો બધો પ્રેમ લાગ્યો અને જે ટેન્શન હતું કે હું કેમનો પહોંચી વળીશ, કેમનું થશે આ બધું. એ બધું જતું રહ્યું. એ દિવસથી એમને એટલી બધી શક્તિ મળી ગઈ કે જ્યારે કામ ના થતા હોય તો મહીં એવું રહ્યા કરે કે મારી સાથે તો નીરુમા છે પછી તો મને દુનિયામાં કોનો મને ભય લાગી શકે છે, કોણ મને પાછો પાડી શકે એમ છે ! અને એ પણ સમજાયું કે બીજા ઘણાં બધા સંજોગોથી બધા કામ થઈ રહ્યા છે, હું એકલો કરવાવાળો નથી. જે એમની સાથે કામ કરતા હતા એ લોકો તરફ પણ એમની દૃષ્ટિ જવા લાગી, જે પહેલા નહોતી જતી. ત્યારથી અલગ પ્રકારનો પ્રેમ બધા માટે ઊભો થવા લાગ્યો. અદ્‌ભુત છે નીરુમાની દૃષ્ટિ અને નીરુમાનો પ્રેમ.

ઐતિહાસિક ગૌરવગાથાઓ

એક નાના ગામડાના આશ્રમમાં એક ઋષિ રહેતા હતા. ઋષિની સરળ જીવનશૈલી અને તપશ્ચર્યાથી પ્રસન્ન થઈ, ગામના સરપંચે ઋષિના ભોજન અને બાકીની દરેક જીવન જરૂરિયાતની જવાબદારી ઊઠાવી લીધી હતી. સરપંચ એમને નિયમિત ભોજન અને બાકીનો જીવનજરૂરી સામાન આપતા રહેતાં. સમય જતા ઋષિને પણ એ સગવડોની આદત પડી ગઈ. ગામના એક માત્ર તપસ્વી હોવાના કારણે આ બધી સગવડોનું સુખ ગુમાવવાનો તેમને ક્યારેય ભય નહોતો લાગ્યો. તપસ્વી જીવનને કારણે તેમનો વધારે સાધનો કે જરૂરિયાતોની આવશ્યકતા પણ નહોતી. આમ ઋષિ શાંત ચિત્તથી તપ સાધના કરી અધ્યાત્મના પંથ પર પ્રગતિ કરી રહ્યા હતા.

એક દિવસ એક મહર્ષિ દૂરથી વિહાર કરતાં કરતાં આ ગામમાં આવ્યા. વૈરાગી દેખાતાં આ મહર્ષિ ગામનાં લોકો સાથે સત્સંગ કરવા બેઠા ત્યારે ત્યાંથી પસાર થતા સરપંચે એમને સાંભળ્યા અને એમનાથી ખૂબ પ્રભાવિત થઈ મહર્ષિને પોતાના ઘરે આવવા આમંત્રણ આપ્યું. એમના આદરપૂર્વકના આમંત્રણનો સ્વીકાર કરી મહર્ષિ બીજા દિવસે સરપંચના વિશાળ રહેઠાણ પર પહોંચ્યા. સરપંચે આપેલા માન-તાન, સગવડો કે સ્વાદિષ્ટ ભોજન વગેરે કોઈપણ વસ્તુથી તેઓ સહેજ પણ લલચાયા નહી. સરપંચે મહર્ષિને એ જ આશ્રમમાં રહેઠાણ આપ્યું, જ્યાં પેલા ઋષિ રહેતા હતા.

દિવસો પસાર થતા ગયા.

સરપંચ રોજ આશ્રમમાં મહર્ષિના સુવચનો સાંભળવા આવતા ગામના લોકોના અને સરપંચના હૃદયમાં મહર્ષિ માટેનો આદર અને પ્રેમદિવસે દિવસે વધવા માંડ્યો. પરિણામે પેલા ઋષિને મહર્ષિ માટે ઈર્ષા થવા લાગી. એમની ઊંઘ ઊડી ગઈ. એ વિચારવા લાગ્યા, “ગામના લોકો આ મહર્ષિને મારા કરતાં વધારે મહત્ત્વ આપશે તો મને આ જે સગવડો અને ભોજન મળે છે તે મહર્ષિના ભાગે જતાં રહેશે અને હું બધું જ ગુમાવી બેસીશ!”

“આમ વિચારતા હતા એટલામાં એમને સ્મશાનમાં એક મડદું સળગાવીને જતાં લોકો દેખાયા. હજુ ચિતા સળગતી જ હતી. ઋષિએ મહર્ષિના ભાગનું ભોજન એમાં નાખી દીધું”



બીજા દિવસે રોજની જેમ પ્રભાત પૂજામાં બન્ને ઋષિઓનો ભેટો થયો. મહર્ષિ તો પહેલા જેટલી જ સહજતાથી વાતો કરી રહ્યા હતા. પરંતુ ઈર્ષાને કારણે પેલા ઋષિને એમના માટે અભાવ અને તિરસ્કાર થયા કરે છે. મહર્ષિ પારખી ગયા કે ઋષિના મનમાં અદેખાઈનું બીજ રોપાયું છે. તેઓ ઋષિ પ્રત્યે કરુણા રાખતાં.

એક દિવસ સાંજનો જમવાનો સમય હોય છે, નિયમપ્રમાણે ઋષિ રોજ સાંજની પૂજા કરી મંદિરનો ઘંટ જોરથી વગાડે. ત્યાર બાદ મહર્ષિના ઓરડાના દરવાજે ટકોરા મારે. ત્યારે મહર્ષિ ધ્યાન પૂરું કરે અને બંને સરપંચના ઘરે જમવા જાય. એ દિવસે ઋષિએ મંદિરનો ઘંટ ખૂબ હળવેથી વગાડ્યો કે જેથી મંદિરનું ચકલું પણ ના સાંભળે. મહર્ષિના દરવાજે પણ ધીમેથી ટકોર મારી કે કોઈને સંભળાય નહીં અને સરપંચને ત્યાં ચાલતા થયાં. સરપંચે મહર્ષિની ગેરહાજરીનું કારણ પૂછતાં ઋષિ બોલ્યા, “સરપંચ, લાગે છે તમારા સ્વાદિષ્ટ ભોજનનું ઘેન હજુ મહર્ષિને ઊતર્યુ નથી. ધ્યાન કરતાં કરતાં એ એવા ઘોરી ગયા લાગે છે કે મંદિરના ઘંટ કે દરવાજા પરની ટકોરો પણ એમને ઊઠાડી ના શક્યા. તમારે એમનું ભોજન



ઓછું કરવું જોઈએ જેથી એમના તપમાં આવા ભંગ ન પડે.'' તેમ છતાં સરપંચ મહર્ષિ માટે ભોજન બાંધી આપ્યું. કશું બોલ્યા વિના ઋષિ રવાના થઈ ગયા. અડધા રસ્તે પહોંચતા એમને વિચાર આવ્યો, ''જો મહર્ષિ આવું સ્વાદિષ્ટ ભોજન કરતા રહેશે તો ક્યારેય આ ગામ છોડવાનો વિચાર નહીં કરે. મારે ગમે તેમકરીને આ ભાણું એમના સુધી પહોંચાડવું જ ન જોઈએ. પણ જો હું એને રસ્તામાં ફેંકી દઈશ તો કાગડાઓ આવીને કા-કા કરીને બધે જણાવી દેશે કે સરપંચનું ભોજન અહીં છે. જો હું કોઈ ભિખારીને આપીશ તો રસ્તે આવતા જતા લોકો જોઈ જશે ને વાત ફેલાઈ જશે. પાણીમાં ફેંકીશ તો આ ભરપૂર ઘી તરતું જોઈ લોકો જાણી જશે.'' આમ વિચારતા હતા એટલામાં એમને સ્મશાનામાં એક મડદું સળગાવીને જતાં લોકો દેખાયા. હજુ ચિતા સળગતી જ હતી. ઋષિએ મહર્ષિના ભાગનું ભોજન એમાં નાખી દીધું અને નિરાંતનો શ્વાસ લીધો. મહર્ષિને મળી શું શું કહેવું એ બધું જ એમણે રસ્તામાં વિચારી નાખ્યું. પણ આ શું ? ઋષિ આખો આશ્રમ ફરી વળ્યા પણ મહર્ષિનો ક્યાંય પતો નથી. ઋષિને તરત સમજાઈ ગયું કે, મહર્ષિને સંસારના કોઈ વળગણ નહોતા તેથી નક્કી એમને મારા મનના નકારાત્મક સ્પંદનો પહોંચ્યા હોવા જોઈએ અને એ જતા રહ્યા હોવા જોઈએ.

મહર્ષિના ગયા બાદ પણ સરપંચે ઋષિની જવાબદારી એટલી જ નિષ્ઠાથી ચાલુ રાખી, પણ એ દિવસ પછી ઋષિના મનની સ્થિરતા એકદમ ખોરવાઈ ગઈ અને આવી જ અસ્થિરતામાં એમનું મૃત્યુ થયું. એમના આવા ખરાબ કાર્યોને લીધે ઋષિને બીજા જન્મમાં ખૂબ દુ:ખ ભોગવવાનો વારો આવ્યો, જ્યાં એમને એક સમયનું ભોજન પણ નથી મળતું. એમનો જન્મકૂતરાના દેહમાં થયો. જ્યાં ખોરાક માટે રસ્તાઓ પર ભટકવું પડે અને બીજા કૂતરાઓ સાથે ઝઘડવું પડે.

જોયું મિત્રો, ઈર્ષા, કપટ અને નિંદાનું પરિણામ કેવું ભયંકર આવે છે! મનુષ્યમાંથી જાનવર થવું પડે અને નર્કના દુ:ખો પણ ભોગવવા પડે છે.

કાર્ડસ્પર્ધાનું પરિણામ

પહેલું ઈનામ

૭ થી ૯ વર્ષ



ખુશી સત્યમ, મુંબઈ
ઉંમર: ૮ વર્ષ

સોહમ રાવલ, રાજસ્થાન
ઉંમર: ૮ વર્ષ

બીજું ઈનામ - સૃષ્ટિ ડોડિયા, અમદાવાદ, ઉંમર: ૭ વર્ષ

૧૦ થી ૧૨ વર્ષ

પહેલું ઈનામ

માનસી પટેલ,
અમદાવાદ,
ઉંમરઃ ૧૧ વર્ષ



બીજું ઈનામ - હિનલ રાઠોડ,વડોદરા, ઉંમરઃ ૧૧ વર્ષ

Akram Express
June 2010
Year : 2, Issue : 10
Conti. Issue No.: 22

BALVIGNAN
Fun 'n' Gnan with Dada

RNI No. GUJGUJ/2008/26729
Reg. No. GAMC - 1690/09-11
valid up to 31-12-2011
LPWP Licence No. CPMG/GJ/27/2009-2011
valid up to 31-12-2011
Posted at AHD. P.S.O. Sorting Office Set-1
on 08th of every month

૧૩ થી ૧૫ વર્ષ

પહેલું ઈનામ

પૂર્વા માલધારી,
સીમંધર સીટી,
ઉંમરઃ ૧૪ વર્ષ





બીજું ઈનામ - નિકિતા પૂજારા, રાજકોટ, ઉંમરઃ ૧૫ વર્ષ

માલિક - મહાવિદેહ ફાઉન્ડેશન વતી પ્રકાશક, મુદ્રક અને તંત્રી - શ્રી ડિમ્પલ મહેતા દ્વારા
અંબા ઑફસેટ - પાર્શ્વનાથ ચેમ્બર્સ, ઉસ્માનપુરા, અમદાવાદ - ૧૪ ખાતે છપાવી પ્રકાશિત કર્યું છે.